।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।
।। आयओ गुरुबहुमाणो ।।

# Steam ~~જિનશાસન~~

## અંતરની વરાળ

**પ્રિયમ્**


અહો શ્રુતમ્
શા. બાબુલાલ સરેમલજી
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com
ચૈત્ર, વિ. ૨૦૭૬

# Index

1. ફક્ત ચોખાનો એક દાણો ........ 3
2. આપણે ક્યાં ? ........ 5
3. What Non - Sense ? ........ 7
4. The Only Key ........ 9
5. Wanted Only 2 ........ 11
6. જ્ઞાન વિના પશુ સારિખા ........ 14
7. Son Or Sadguru ........ 16
8. શાનું માંગો વરદાન ? ........ 18
9. A Hard Story of a Soft City ........ 20
10. Only You ? Or Only Me ? ........ 22
11. One Or None ........ 24
12. System ........ 27
13. Either I Or Jinshasan ........ 29
14. કચરો કે હીરો ? ........ 31
15. પાગલ ન હો, તો પાગલ થઈ જાઓ ........ 33
16. Who Jain ??? ........ 35
17. Are You Hungry ........ 37
18. Can you Understand ? ........ 39
19. Touching Jinshasan ........ 42
20. રિલેશન Or શાસન ........ 44
21. Do you want a Chair ? ........ 47
22. What's Return Gift ? ........ 49
23. તીર્થયાત્રા ? કે સ્વાર્થયાત્રા ........ 51
24. What's More Precious ??? ........ 53
25. વાત એક વડલાની ........ 55
૨૬. Only A Link ........ 57

# ❊ ફક્ત ચોખાનો એક દાણો ❊

૮૦૦ વર્ષ પહેલાની વાત.
સ્થળ આબુ દેલવાડા
કારીગરો દિલ દઈને કાર્ય કરી રહ્યા છે.
અનુપમાદેવી આવે છે.
ને બધાં ઊભા થઈ જાય છે.
આંખોમાં અહોભાવ છે,
ચહેરા પર કૃતજ્ઞતા છે, હાથ જોડેલા છે.
આદેશ કરો – એમ જાણે વગર બોલે
તેઓ બોલી રહ્યા છે
ને અનુપમાદેવીએ કહ્યું,
‘‘પ્રવેશદ્વાર પાસે મારું શિલ્પ કોતરવાનું છે.’’
શિલ્પીઓ તો રાજીના રેડ થઈ ગયા.
‘‘ને મારા હાથમાં પૂજાની છાબ હોવી જોઈએ.’’
શિલ્પીઓ એમની ધારામાં ઓર આગળ વધ્યા.
‘‘ને એ છાબડીમાં ફક્ત એક ચોખો હોવો જોઈએ.
બીજું કાંઈ જ નહીં.’’
‘‘હેં શેઠાણી બા, અમે એ છાબડીમાં સોનામહોરો, ફૂલો, પૂજાપો ન કંડારી દઈએ ? એક ચોખો જ કેમ?’’
ને અનુપમાદેવીએ આંખમાં ઝળઝળિયા સાથે ગળગળા સાદે કહ્યું,
**‘‘મારે જગતને એ સંદેશ આપવો છે,**
**કે પરમાત્માની કૃપાથી મને જે મળ્યું છે,**
**તેમાંથી એક ચોખા જેટલું જ અહીં વાપર્યું છે.**
**કરચના ભારોભાર ચાંદી અને સોનું આપ્યાની વાતથી**
**લોકો અમને બહુ મોટા દાનેશ્વરી ન સમજી લે**
**એટલા માટે જ આ વાત છે.’’**

વાત આપણી છે.
ક્યાં અનુપમા-દેવીની ખજાનો લૂંટાવી દઈને પણ
એક ચોખાનો દાણો દેખાડવાની ભાવના
ને ક્યાં આપણી એક દાણા જેવું આપીને
જોર શોરથી ઢોલ પીટવાની વૃત્તિ ?
વિચારો કે આપણે દીકરાને કેટલું આપ્યું
એની જાહેરાત આપણે કદી કરી છે ?
દીકરીને કેટલું આપીને વળાવી
એની તકતી આપણે ક્યાંય લગાડાવી છે ખરી ?
ફોરેન ટુર કેટલામાં પડી
એનું આપણે બેનર કરાવ્યું છે ખરું ?
નવા ઘરનો ફાઈનલ આંકડો ક્યાં પહોંચ્યો
એનું ક્યાંય બોર્ડ જડે ખરું ?
જો ના,
તો જિનશાસન માટે આપેલા નજીવા યોગદાનનો
આટલો બધો ઘોંઘાટ શા માટે ?
એક સવાલ આપણે આપણને પૂછીએ
કે આપણી પાસે જે છે એના કેટલા ટકા
આપણે વાપરતા હોઈએ છીએ ?
જે છે એ જિનશાસનનું છે
એના પાંચ પૈસા ય એને આપતા નથી
ને જાહેરાતોમાં કોઈ કસર છોડતા નથી
તો ખરેખર આપણે ક્યાં છીએ તે વિચારીએ
**જિનશાસનના આજના મહત્તમ પ્રશ્નોનો ઉકેલ છે - અનુપમાદેવી.**
**આપણે સહુ અનુપમાદેવી બનીએ**
**પ્રશ્નો પોતાની મેળે જ પતી જશે.**

✻

# ❊ આપણે ક્યાં ? ❊

સમય હતો ઈ.સ. ૩૯૯ નો
ચીની યાત્રી ફાહિયાન
એના છ સાથીઓ સાથે ભારત આવવા નીકળ્યો.
એનો મુખ્ય ઉદ્દેશ્ય હતો
બૌદ્ધ ધર્મના ‘વિનય પિટક’ નામના ગ્રંથને મેળવવાનો.
ચીનથી પેશાવર પહોંચતા જ કષ્ટોની વણઝાર તૂટી પડી,
બરફના તોફાનો અને વિકટ માર્ગો,
એક સાથી મૃત્યુ પામ્યો.
એ જોઈને ત્રણ સાથીઓ ગભરાઈને પાછા વળી ગયા.
પણ
ફાહિયાનનું મનોબળ મક્કમ હતું.
દુઃખના ડુંગરાઓને ખુંદી ખુંદીને ય
છેવટે એ મથુરા પહોંચી ગયો.
એના ઉદ્દેશ્યને એણે સફળ કર્યો.
**પોતે અપનાવેલા ધર્મના**
**એક ગ્રંથને મેળવવા ખાતર**
**પોતાના પ્રાણોને ય ન્યોછાવર કરી દેનાર**
**એ ફાહિયાન ક્યાં ?**
**ને ઠંડે કલેજે**
**આપણા ગ્રંથો પર ધૂળની પથારી**
**અને ઉધઈની ઉજાણી જોનારા આપણે ક્યાં ?**
વિનયપિટક ગ્રંથ મેં પોતે જોયો છે.
જિનશાસનના ગ્રંથોની તુલનામાં
એ ક્યાં આવે એ હું નહીં કહું,
એ દુનિયાના કોઈ પણ વિદ્વાનને પૂછીને જાણી શકાય છે.

મારે તો એટલું જ કહેવું છે કે
ફાહિયાન ચીનથી મથુરા સુધી પહોંચી શકે,
બર્ફીલા તોફાનો ને ભયાનક વગડાઓ વટાવી શકે,
આપણે આપણા શ્રીસંઘના
જિનાલયની લગભગ લગોલગ આવેલા
જ્ઞાનભંડાર સુધી નહીં પહોંચી શકીએ ?
આપણે આપણા બાહ્ય ભાવોના તોફાનોને
ને પ્રમાદોના વગડાઓને નહીં જ વટાવી શકીએ ?
જો હા
તો મને કહેવા દો
કે આપણામાં કોમનસેન્સ સુદ્ધા નથી.
વિશ્વનું સર્વોત્કૃષ્ટ જ્ઞાન આપણને મળ્યું.
આપણને કોહિનૂર હીરો મળ્યો.
આપણને ચિંતામણિ રત્ન મળ્યું.
ને આપણે એની ઉપેક્ષા કરનારા થઈ ગયા.
એથી વધુ કમનસીબી બીજી કઈ હોઈ શકે ?
આટલું નક્કી કરવું છે ?

(૧) રોજ શ્રીસંઘના જ્ઞાનભંડારમાં જઈને
પાંચ મિનિટ પ્રમાર્જનનો લાભ લેવો.
(૨) જ્ઞાનના પાંચ ખમાસમણા આપવા, અને
(૩) રોજ જિનવાણીના કમ સે કમ પાંચ પાના વાંચવા,

**ફાહિયાનને જો જિનશાસન મળ્યું હોત**
**તો એનો મોક્ષ હાથવેંતમાં આવી ગયો હોત.**
**આપણો મોક્ષ પણ હાથવેંતમાં આવી શકે છે.**
**જો આપણે ફાહિયાન બની શકીએ,**
**જે મળ્યું છે એનું મૂલ્યાંકન કરી શકીએ.**

✱

# ❊ *What Non - Sense ?* ❊

સ્થળ હતું ત્ર્યંબકેશ્વર.
મુલાકાતી હતા વીર સાવરકર.
ધજા-પતાકા-ઢોલ-નગારા જોઈને પૂછી બેઠા
"આજે શાનો ઉત્સવ છે ?"
જવાબ મળ્યો,
"એડવર્ડ સાતમાનો બ્રિટનમાં રાજ્યાભિષેક છે.
એની ઉજવણી ચાલે છે."
ને સાવરકરનું લોહી ઉકળી ગયું.
સ્ટેજ પર પહોંચીને માઈક હાથમાં લીધું.
**"આ રાજ્યાભિષેકનો ઉત્સવ છે**
**કે ગુલામીની ઉજવણી છે.**
**તમને શરમ આવવી જોઈએ આવી ઉજવણી કરતા**
**જે લોકોએ આપણી આઝાદી લૂંટી છે.**
**જે લોકોએ આપણને પાયમાલ કર્યા છે.**
**એમનો રાજ્યાભિષેક થતો હોય**
**ત્યારે યા આપણા માટે રડવાનો અવસર છે**
**યા આઝાદી મેળવવા સંકલ્પ કરવાનો અવસર છે.**
**આ ઉજવણી નથી, દેશદ્રોહ છે.**
**આ ઉજવણી નથી, આપણી પોતાની પજવણી છે."**
આયોજકો શરમાઈ ગયા, ઉત્સવ સમેટાઈ ગયો,
વાત આપણી કરવી છે.
ભારતની ૨૦૦ વર્ષની ગુલામી, ભારતનું શોષણ
અને ભારત પર થયેલા અત્યાચારોને
ક્યાંય સારા કહેવડાવે
એવી આપણી અનાદિકાળની મોહરાજાની ગુલામી છે.

જેણે આપણો સત્યાનાશ વાળી દીધો.
કે મોહરાજા પ્રત્યે આપણું વલણ કેવું છે ?
મને કહેવા દો
કે જ્યારે આપણે ક્લબ-રિસોર્ટ ને પાર્ટી ખાતર દોડીએ
ત્યારે આપણે મોહરાજાનો રાજ્યાભિષેક કરતા હોઈએ છીએ.
જ્યારે આપણે વિકારી વેષ પહેરીએ
ત્યારે આપણે મોહરાજાનો રાજ્યાભિષેક કરતા હોઈએ છીએ.
જ્યારે આપણે મેનિયા ને ફેશનના રસ્તે જઈએ
ત્યારે આપણે મોહરાજાનો રાજ્યાભિષેક કરતા હોઈએ છીએ.
આ એ જ મોહરાજા છે
જેણે આપણને અનંતીવાર નરકમાં ધકેલ્યા.
**આ એ જ મોહરાજા છે**
**જેણે અનંતા પુદ્ગલ પરાવર્તો સુધી**
**આપણને નિગોદની જેલમાં પૂરી દીધા.**
આ એ જ મોહરાજા છે
જેણે ચોર્યાશી લાખ યોનિઓમાંથી
પ્રત્યેક યોનિમાં આપણને અનંત અનંત વાર રિબાવ્યા.
ને આપણે એના જ રાજ્યાભિષેકની ઉજવણી કરશું ?
સંસારના દરેકે દરેક પ્રસંગની ઉજવણી
એ હકીકતમાં આપણી નામોશી છે.
એમાં ધ્રુસકે ધ્રુસકે રડવાના બદલે આપણે હસતા, નાચતા ને ગાતા હોઈએ
તો આપણા જેવા પાગલ બીજા કોઈ જ નથી.
**બસ, હવે બહુ થયું.**
**હવે સમ્યક્ જ્ઞાનના સ્ટેજ પર ચડીએ**
**જિનવાણીનું માઈક લઈને વીર-ગર્જના કરીએ**
**ને આપણે આપણને ઢંઢોળીએ,**
**આઝાદીનો બીજો કોઈ જ ઉપાય નથી.**

# ❊ The Only Key ❊

બિહારીદાસજી નામના એક સંત.
સાતસો દુહાની રચના કરી - સતસઈ.
એક ધર્મશાળામાં બેઠા હતા,
કેટલાક બાવાઓ ય ત્યાં હતાં.
એક બાવાજીએ એમના શિષ્યને
સતસઈનો એક દુહો કહી એનો અર્થ કહ્યો.
બીજા બાવાજીએ એ અર્થને ખોટો ગણાવી બીજી રીતે અર્થ કર્યો.
પહેલા બાવાજીએ કહ્યું, ‘‘મારો જ અર્થ સાચો છે,
મારા ગુરુએ મને આ અર્થ શીખવાડ્યો છે.’’
બીજાએ ય આ જ દાવો કર્યો.
પહેલા કહે, ‘‘મારા ગુરુ બહુ જ્ઞાની હતા.’’
બીજા ભડક્યા, ‘‘તો શું મારા ગુરુ અજ્ઞાની હતા ?
આવ્યા મોટા જ્ઞાની ગુરુવાળા...’’
પહેલાની કમાન છટકી... ‘‘મોઢું સંભાળીને બોલો.’’
ઝગડો જામ્યો, લડાઈ સુધી પહોંચ્યો.
**હવે બિહારીદાસજીથી ન રહેવાયું.**
**તેમણે વચ્ચે પડીને કહ્યું,**
**‘‘હું જ બિહારીદાસ છું, ને આ દુહાનો**
**સાચો અર્થ તો આ થાય છે.’’**
હવે એ બંને બાવા એમની સામે થયા.
‘‘ક્યાં બિહારીદાસજી ઐસે હોતે હૈ ?
આયા બડા બિહારીદાસ બનકે, ભાગ યહા સે.’’
એમના ધક્કા ખાવા પડે એ પહેલા
બિહારીદાસજી પોતે જ ધર્મશાળાની બહાર જતા રહ્યા.
ઘટનાનું વલોણું કરવું છે ?

બાવાજીઓના ઝગડાનું મૂળ ન દુહાનો અર્થ હતો
ન ગુરુભક્તિ હતી.
ઝગડાનું મૂળ હતું - 'હું'
ન અર્થ ખોટો પડે એની તકલીફ હતી,
ન ગુરુ ખોટા પડે એની તકલીફ હતી.
તકલીફ તો એક જ હતી,
તમે મારા 'હું'ને ખોટો પાડ્યો જ શા માટે ?
ખુદ દુહાના કર્તા ય જો 'હું' ને આડે આવતા હોય,
તો અમે એમને ય
ઉથલાવી દઈએ ને ફગાવી દઈએ એવા છીએ.
તો બીજાની તો શું વાત ?
મને કહેવા દો,
**કે જો આપણી સ્થિતિ આવી જ છે**
**તો આપણો 'અર્થ' 'હું' છે,**
**આપણું 'શાસ્ત્ર' પણ 'હું' છે.**
**આપણો 'ધર્મ' પણ 'હું' છે.**
**આપણી 'આરાધના' પણ 'હું' છે.**
**ને આપણા એકમાત્ર ઈષ્ટદેવતા પણ 'હું' છે.**
અર્થ ને શાસ્ત્રના નામે થતી બધી જ લડાઈઓ
હકીકતમા અર્થ ને શાસ્ત્રની જ મશ્કરી છે.
કદાચ શાસ્ત્રકાર ખુદ આપણને સમજાવવા આવે
તો એમની ય કદાચ એ જ દશા થાય
જે પેલા બિહારીદાસજીની થઈ.
**તમારે મોક્ષે જવું છે ? ધર્મ કરવો છે ? સેવા કરવી છે ?**
**પહેલું કામ આ કરો. 'હું' નો અગ્નિસંસ્કાર કરી દો.**
**'હું' સાથે એમાંથી કશું જ થઈ શકે એમ નથી.**

✻

# ※ Wanted Only 2 ※

લગભગ સવાસો વર્ષ પહેલાની વાત
અમદાવાદમાં એક વ્યક્તિ શાંતિસાગર
એમણે એક મત ચલાવ્યો
મન ચોખ્ખું છે તો પાપ લાગતું નથી.
શરીર ઉદયને આધીન છે.
તે ગમે તેમ કરે, આત્માનો શો દોષ ?
આત્મા કાંઈ ખાતો-પીતો નથી
એટલે તપ-ત્યાગની જરૂર નથી.
ગમે તેમ વર્તો પણ મનને સાફ રાખો
તો મોક્ષ પાસે જ ઊભો છે.
**કહેવાય અધ્યાત્મ પણ ઘોર ઉત્સૂત્ર.**
**સંઘના ભાગ પડ્યા. સડો વધતો ગયો.**
તે સમયે અમદાવાદમાં હાજર હતા પૂ. મૂલચંદજી મહારાજ.
સંવેગી શ્રમણોના નાયક.
તેમની સમજાવટ નિષ્ફળ ગઈ. પેલા માન્યા નહીં.
નગરશેઠને વાત કરી. તે મૌન રહ્યા.
તેમનો પોતાનો દીકરો જ એ મતમાં જોડાયો હતો.
પૂજ્યશ્રીએ જોયું
આ રીતે જૈનધર્મ ભોગમાર્ગરૂપ
અને તમાશારૂપ બની જશે.
તેઓશ્રી સતત ચિંતાતુર રહેવા લાગ્યા.
નગરશેઠાણી પ્રેમબાઈ રોજ વંદન કરવા આવે.
ચિંતાનું કારણ પૂછ્યું, આગ્રહ કર્યો.
પૂજ્યશ્રીએ જણાવ્યું.
‘‘બસ, હવે આપ નિશ્ચિંત રહેજો.’’

એમ કહીને નગરશેઠાણી ગયા.

**નગરશેઠ પોતાના કચેરી-ખંડમાં એકલા બેઠા હતા.**

**ત્યાં જઈ તેમની સામે થાળીમાં ચૂડી ને ચૂંદડી મુકયા.**

**શેઠ ચમકયા.**

''તમે રહ્યા નગરશેઠ, કોઈને ખરું-ખોટું ન કહી શકો,

એટલે આંખ આડા કાન કરીને ચલાવો છો,

ગુરુદેવના દિલમાં કેટલું દુઃખ છે તે જાણો છો ?

**ગુરુભક્તિ હોય,**

**ધર્મપ્રેમ હોય અને કાંડામાં તાકાત હોય તો અજમાવો.**

**અને હિંમત ન હોય, તો તમારા માટે આ વસ્તુ લાવી છું.''**

વાત પૂરી.

નગરશેઠે તે જ દિવસે અમદાવાદનો સંઘ બોલાવ્યો.

જાહેર કર્યું કે

''હવે શાંતિસાગરનો મત માને તે સંઘ બહાર.''

સૌએ આ જાહેરાત સ્વીકારી લીધી.

સંઘર્ષ વગર - કુસંપ વગર કાર્ય થઈ ગયું.

અમદાવાદનો સંઘ 'એક' બન્યો. મજબૂત બન્યો.

વાત વર્તમાનની કરવી છે.

**આજે આકર્ષક અધ્યાત્મ રજુ કરતા**

**અવનવા પંથો નીકળી રહ્યા છે**

**ને સંઘમાં ભંગાણ પડી રહ્યું છે.**

**સંઘ લૂંટાઈ રહ્યો છે.**

**આગમ પીંખાઈ રહ્યું છે, મન ફાવે એમ બોલાઈ રહ્યું છે.**

**અનુયાયીઓ વધારાઈ રહ્યા છે, ને જિનશાસન વધેરાઈ રહ્યું છે.**

કોણ અળખામણું થાય ?

મને કહેવા દો

કે આજે ખરી જરૂર કરોડોના દાનની નથી,

આજે ખરી જરૂર મસમોટા આયોજનોની પણ નથી,
આજે ખરી જરૂર છે એક મૂલચંદજી મહારાજની
ને એક પ્રેમબાઈ નગરશેઠાણીની
તેઓ ઉત્સૂત્ર પ્રરૂપકને ખાળી શક્યા ને સંઘને બચાવી શક્યા.
આપણે ઉત્સૂત્રભાષીઓના તમાશાને
ફાટી આંખે જોયા કરીએ છીએ,
અરે,
આપણા ઘરના સભ્યો ય એ પ્રવાહમાં તણાતા હોય,
ને આપણે કાંઈ જ ન કરી શકીએ ?
કરી શકવાની વાત તો દૂર છે.
આપણને કોઈ ફરક જ ન પડે ?
આપણી આ જ ભૂમિકા રહી
તો સો વર્ષ પછીના શાસનની શી સ્થિતિ હશે
એની કલ્પના પણ કરી છે ?
**પૂ. મૂલચંદજી મહારાજ એટલે અસહ્ય શાસનવ્યથા.**
**અને**
**પ્રેમબાઈ નગરશેઠાણી એટલે અતુલ્ય ગુરુભક્તિ.**
**બસ, આ બેનું પ્રાગટ્ય થાય**
**તો જિનશાસનનું મંદિર બચી જશે,**
બાકી
એને ખંડિત કરવાની, એને ખંડેર બનાવવાની
અથવા એને કંઈક બીજું જ બનાવી દેવાની પ્રવૃત્તિ
ક્યારની ય શરૂ થઈ ગઈ છે.
વ્યથા નહીં હોય ત્યાં સુધી એ વધેરાતું રહેશે,
ભક્તિ નહીં હોય ત્યાં સુધી એ ભાંગતું રહેશે.

( સંદર્ભ – આદર્શ ગચ્છાધિરાજ)

# ❊ જ્ઞાન વિના પશુ સરિખા ❊

ઉપાશ્રય હતો અમદાવાદ - પાંજરાપોળનો,
સમર્થ પ્રવચનકાર હતા પૂ. નેમિસૂરિજી મહારાજ.
ગ્રંથ હતો - તત્ત્વાર્થાધિગમ બૃહદ્વૃત્તિ.
પૂજ્યશ્રી ફરમાવી રહ્યા હતા.
''અવધિ દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમના બળે
પદાર્થનો સામાન્ય બોધ કરનાર અવધિ ઉપયોગ
એ અવધિ દર્શન કહેવાય.
તે નિયમા સમ્યગ્દર્શનધારીને જ હોય.
મિથ્યાત્વીને નહીં.''
આ સાંભળીને એક શ્રાવકે પ્રશ્ન કર્યો,
**''સાહેબ, જો અવધિદર્શન નિયમા સમ્યકત્વીને જ હોય,**
**તો આગમમાં અવધિદર્શનનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ**
**બે ૬૬ સાગરોપમ પ્રમાણ કહ્યો છે,**
**તે કેવી રીતે ઘટે ?**
**કારણ કે સમ્યકત્વનો ઉત્કૃષ્ટ કાળ તો**
**ફક્ત એક ૬૬ સાગરોપમ પ્રમાણ જ હોય છે.''**
પૂજ્યપાદશ્રીએ તત્ક્ષણ જવાબ આપ્યો.
''ભાઈ, શ્રીભગવતીજી - શ્રીપન્નવણાજી વગેરે આગમોમાં
વિભંગ જ્ઞાનીને પણ અવધિદર્શન હોય એમ કહ્યું છે.
એ અપેક્ષાએ વિભંગજ્ઞાનના ૬૬ અને અવધિજ્ઞાનના ૬૬
એમ બે ૬૬ સાગરોપમ સુધી અવધિદર્શન ઘટે છે.
પણ તત્ત્વાર્થવૃત્તિકારનો મત એવો છે,
કે સમ્યગ્દૃષ્ટિને જ અવધિદર્શન હોય.
આપણા માટે તો બંને મત
જુદી જુદી વાચનાની અપેક્ષાએ પ્રમાણ છે.''

I know,
મોટા ભાગના વાચકોને મોટા ભાગનું બંપર ગયું છે.
મારે જે વાત કરવી છે એ હવે આવે છે.
આ ભગવાનના સમયની વાત નથી.
જસ્ટ ૧૦૦ વર્ષ જુની વાત છે.
કેવા શ્રાવકો હતા ! કેવો એમનો અભ્યાસ હતો !
કેવી એમની જિજ્ઞાસા હતી !
કેવી એમની પાસે શાસ્ત્રીય પદાર્થોની યાદશક્તિ હતી !
આજનું ચિત્ર શું છે ? ને શા માટે છે ?
**મને કહેવા દો**
**કે આપણા જ બાપ-દાદાઓની આ ભૂમિકાથી**
**આપણે કેટલા નીચે પડી ગયા છીએ,**
એનો આપણને અંદાજ ખરો ?
આપણા પડવા સાથે કેટકેટલા દુષ્પરિણામો આવ્યા છે.
એનો આપણને ખ્યાલ ખરો ?
**'સંઘ'ની શું ગરિમા હતી, ને આપણે સંઘનું સંઘપણું ચૂંથી નાંખ્યું**
**એનો આપણને કોઈ અહેસાસ ખરો ?**
હજી જાગો,
કહી દો છાપાવાળાને 'કાલથી આવતો નહીં.'
કહી દો પંચાતિયાઓને 'મારી પાસે સમય નથી.'
તોડી-ફોડી નાંખો તમારા ફોનના ડબલાને,
ટીપી નાંખો તમારા ટીવાને
ને સદ્ગુરુના સાન્નિધ્યમાં એમની આંગળી પકડીને
જ્ઞાનના શિખરો સર કરવા કામે લાગી જાઓ.
સમ્યક્જ્ઞાન ન પામવું એ પણ સૂક્ષ્મ પ્રકારની શાસન-શત્રુતા છે,
કારણ કે આપણે 'ઢ' રહીએ
એટલે શાસનને પારાવાર નુકશાન થઈને રહેવાનું છે.

## ❊ *Son Or Sadguru* ❊

લગભગ ૧૧૫ વર્ષ જુની વાત.
પૂ. નેમિસૂરિ મહારાજા વરતેજમાં બીમાર પડ્યા હતા
ને તે જ સમયે
માકુભાઈ શેઠ-બાળપણમાં-અમદાવાદમાં બીમાર પડ્યા હતા.
તેમના પિતા મનસુખભાઈ શેઠે
પૂજ્યશ્રી પાસે નિષ્ણાત ડૉક્ટરને મોકલ્યા
ને દર કલાકે તાર કરી
પૂજ્યશ્રીના આરોગ્યના સમાચાર આપવા કહ્યું.
પૂજ્યશ્રીનો તાવ ઉતરે નહીં.
ડૉક્ટર શું સમાચાર મોકલે ?
શેઠ બેચેન. તાર પર તાર કરે રાખે.
એક વાર એક જ રાતમાં ૮૦ તાર કર્યા.
'ગુરુદેવની તબિયત કેવી છે ? મને કહો.'
તાર-માસ્તર પણ તાજુબ.
બીજા ડૉક્ટર દીકરાની સતત સારવાર કરી રહ્યા હતા.
દીકરાની તબિયતમાં કંઈક સુધારો થયો.
શેઠે કહ્યું., ''તમે આજે ને આજે વરતેજ જાઓ
ને ગુરુદેવની તબિયત ન સુધરે
ત્યાં સુધી ત્યાં જ રોકાજો.''
ડૉક્ટરે પરિસ્થિતિ જોઈને કહ્યું,
''શેઠ ! માકુભાઈની સારવાર છોડીને ત્યાં જવાનું
મને ઠીક લાગતું નથી.''
**શેઠે લાગણીભીના શબ્દોમાં કહ્યું,**
**''ડોક્ટર, ધર્મના પ્રભાવથી મારો માકુ સાજો થઈ જશે.**
**છતાં એની સાથે મારી લેણાદેણી ઓછી નીકળે**

**અને એના શરીરને કાંઈ થાય,**
**તો ફક્ત મને અને મારા કુટુંબને દુઃખ થશે,**
**પણ જો ગુરુદેવના પુણ્યદેહને કાંઈ થશે,**
**તો સકલ શ્રીસંઘ અને શાસન માટે દુઃખકર થશે.**
**માટે તમે હમણા ને હમણા વરતેજ જાઓ.''**
યાદ આવે ધર્માચાર્યબહુમાન કુલક
**जस्स गुरुम्मि ण भत्ती, णिवसइ हिययम्मि वज्जरेह व्व ।**
**किं तस्स जीविएण, विडंबणामेत्तरूवेण ? ।।**
જેના હૃદયમાં વજ્રની રેખા જેવી દૃઢ ગુરુભક્તિ નથી,
એનું જીવન ફોગટ છે,
એનું જીવન એક ઉપાધિથી વધુ કશું જ નથી.
મને કહેવા દો
કે જીવનની સફળતા
દોઢસો કરોડના આસામી થઈ જવામાં નથી,
જીવનની સફળતા લાડી-ગાડી-વાડીમાં નથી,
ને જીવનની સફળતા એશ આરામ ને જલસામાં ય નથી.
જીવનની સફળતા છે દૃઢ અને નિર્મળ ગુરુભક્તિમાં
આજે જિનશાસનમાં લાખોના ખર્ચે થતા સામૈયા દેખાય છે.
ચાંદી ને સોનાની ગીનીથી થતા ગુરુપૂજનો દેખાય છે.
ગુરુદેવના સાચા મોતીઓથી થતા વધામણા ય દેખાય છે.
ફક્ત મનસુખભાઈ દેખાતા નથી.
**દીકરા ખાતર સંપત્તિ ને સ્વમાન સુદ્ધા ન્યોછાવર કરી શકનારા આપણે**
**ગુરુતત્ત્વ ખાતર થોડું ય જતું કરી શકતા ન હોઈએ,**
**તો વ્યવહારદૃષ્ટિએ ભલે 'ગુરુ'ના સામૈયા ચાલતા હોય,**
**નિશ્ચયદૃષ્ટિએ તો 'ગુરુ'ની હકાલપટ્ટી જ ચાલી રહી છે,**
**એવું ન કહેવાય ? શું લાગે છે તમને ?**

✺

# ❊ શાનું માંગો વરદાન ? ❊

મહારાણા પ્રતાપ
જ્યારે બધી જ રીતે ભીંસમાં આવી ગયા હતા,
એ સમયે એમને પોતાનો ખજાનો ધરી દેનારા ભામાશા.
મેવાડના એ મંત્રીશ્વરે અણીના સમયે જે સહાય કરી
એનાથી મહારાણા પ્રતાપ ગદ્ગદ્ થઈ ગયા હતા.
એમણે ભામાશાહને આગ્રહપૂર્વક કહ્યું,
'તમે કંઈક માંગો.'
ભામાશાહ પોતાના માટે કે પોતાના પરિવાર માટે
ઘણું ઘણું માંગી શકત.
ખાસ હકો... કર મુક્તિ... લાગો... મોભો...
ને મોં માંગ્યું મેળવત એ હકીકત હતી.
ખબર છે ? શું માંગ્યું એમણે ?
**ભામાશાહે કહ્યું, "મહારાજ !**
**મારે મારી માટે કશું જ જોઈતું નથી.**
**આપને કંઈક આપવું જ હોય, તો એવું કરો,**
**કે મેવાડનું એક પણ ગામ એવું ન રહેવું જોઈએ,**
**કે જ્યાં જિનમંદિર ન હોય,**
**અને કોઈ પણ ગામ નવું વસાવવાનું હોય,**
**તો ત્યાં પહેલા ઋષભદેવજીના દેરાસરનો પાયો નંખાય**
**અને પછી જ બીજા કામ થાય."**
મહારાણાએ આ માંગણીનો તરત જ સ્વીકાર કર્યો હતો.
તેને અંગે યોગ્ય હુકમો પણ બહાર પાડેલા.
તેના પુરાવા તરીકે તે વખતના શિલાલેખો
અત્યારે પણ ભામાશાહના વારસદારો પાસે મોજુદ છે.
વાત આપણી કરવી છે.

જૈનો તો ભામાશાહ જ છે.
એમનું દાન એ એમનું દાન.
જનતાને ય આપે ને રાજાને પણ આપે.
આ પરંપરા તો આજે ય ચાલુ છે.
**વેદના એટલી જ છે કે ભામાશાહની જેમ એમને દેતા આવડ્યું છે.**
**પણ ભામાશાહની જેમ એમને માંગતા આવડ્યું નથી.**
સરકારને વ્યક્તિગત રીતે ૫૦ કરોડ ને ૧૦૦ કરોડનું ફંડ આપ્યા
પછી ય એક માત્ર કોરોના રિલિફ માટે કુલ ૧૦૦૦ કરોડ આપ્યા
પછી ય એક દેરાસર ઊભું કરવાની વાત તો દૂર છે,
આપણા તીર્થોની રક્ષા માટે ય
આપણે કશું જ કરી શકતા નથી,
ને હાથ પર હાથ દઈને મોઢું વકાસીને
તીર્થોની દુર્દશાને જોયા કરીએ છીએ,
એ ય આપણું કેટલું મોટું દુર્ભાગ્ય છે !
**મને કહેવા દો**
**કે કરોડો આપ્યા પછી ય આપણને આપણા ધર્મના**
**કોઈ જ બેનિફિટની કોઈ જ દરકાર ન હોય**
**અને એના ડિફેન્સની ય આપણને કોઈ જ પડી ન હોય,**
**ને ફક્ત આપણા પર્સનલ નામ**
**અને બિઝનેસ બેનિફિટની જ આપણને જરૂર હોય,**
**તો આપણે છીએ કોણ ?**
**આપણા ધર્મના અનુયાયી ? કે આપણા ધર્મના દ્રોહી ?**
Please try to understand
નામ ભૂલાઈ જશે, બિઝનેશ ભૂંસાઈ જશે,
આમાંથી કશું ય આપણું નથી. આપણો છે ધર્મ. ફક્ત ધર્મ
Please save it, Save your self.

✱

# ❊ A Hard Story of a Soft City ❊

રાજસ્થાનનું એક નગર.
નામ કોમળગઢ.
નામમાં તો એક જ ગઢ આવે,
પણ એ નગરમાં નવ ગઢ હતા.
નવ કિલ્લા વટાવીને જઈએ એટલે અંદર રાજમહેલ આવે.
**આ નગરમાં ૩૬૦ જિનાલયો હતા.**
**સંધ્યા સમયે આરતી થતી.**
**ત્યારે ૯૯૯ ઝાલરોનો રણકાર એકી સાથે થતો.**
અત્યારે આબુ પર અચલગઢમાં
ચૌમુખ ભગવાન ૧૪૪૪ મણના કહેવાય છે.
તે પ્રતિમાજી મૂળ કોમળગઢના
એક જિનાલયમાં હતા.
પણ જ્યારે એ કિલ્લો અને નગર મુસ્લિમોના કબ્જામાં ગયા,
ત્યારે આપણા બાહોશ શ્રાવકોએ દીર્ઘદૃષ્ટિ વાપરીને
પર્વતના માર્ગે પ્રતિમાજી અચલગઢ ઉપર પહોંચાડી દીધા.
કોમલગઢમાં રહ્યા ખંડેર બની ગયેલા જીર્ણ મંદિરો,
અને ખંડિત મૂર્તિઓ.
મારે એ વાત કરવી છે
**કે આપણે શું ગુમાવ્યું છે**
**એનો આપણી પાસે હિસાબ ખરો ?**
**છે એ ગુમાવવું ન પડે**
**એનું આપણી પાસે કોઈ પ્લાનિંગ ખરું ?**
**આપણે ખુદ તો આપણા શાસનના મંદિરમાં**
**તોડ ફોડ ન જ કરીએ**
**એટલી આપણી સોગંદ ખરી ?**

મને કહેવા દો
કે આજે જિનશાસન મંદિર
ભૌતિક રીતે ય તૂટી રહ્યું છે,
ને આધ્યાત્મિક રીતે ય તૂટી રહ્યું છે.
**કેટલાક યવનોએ**
**રૂપાળા આધ્યાત્મિક પંથોનો વેષ લીધો છે,**
કેટલાક યવનોએ
ઈન્દ્રિયોને ઉશ્કેરનારા મોહક વિષયોનો વેષ લીધો છે,
ને કેટલાક યવનોએ
પદ, સત્તા ને નામનાની આશંસાનો વેષ લીધો છે.
બસ,
તૂટી જ પડ્યા છે તેઓ જિનશાસનમંદિર પર,
ત્રૈલોક્ય-વન્દ્ય ચતુર્વિધ શ્રીસંઘ એમાં રહેલી પ્રતિમા છે,
એ પ્રતિમા સરેઆમ ખંડિત થઈ રહી છે.
કોમળગઢની એ કઠોર ઘટનાનું પુનરાવર્તન
રોજે રોજ થઈ રહ્યું છે.
**ને આપણે શું કરી રહ્યા છીએ ?**
**આપણા ફોનમાં માથું નાંખીને**
**ફક્ત ટાઈમ-પાસ કરી રહ્યા છીએ ?**
**જો હા,**
**તો મને કહેવા દો,**
**કે આ મંદિરને ખરા અર્થમાં ભાંગનારા**
**ને આ મૂર્તિને ખરા અર્થમાં તોડનારા**
**આપણે જ છીએ,**
**કારણ કે છતી શક્તિએ રક્ષણમાં નિષ્ક્રિયતા**
**એ સૂક્ષ્મ દૃષ્ટિએ ભંજનનું કર્તૃત્વ હોય છે.**

✳

## ❊ Only You ? Or Only Me ? ❊

૧૦૩ વર્ષ પહેલાની વાત.
પાલડી (સિરોહી) ના બે ભાઈઓએ
પૂ. નેમિસૂરિજી મહારાજાને વિનંતિ કરી,
‘‘પાલીતાણાનો સંઘ કાઢવાની અમારી ભાવના છે
એ પણ આપશ્રીની નિશ્રામાં જ.’’
પૂજ્યપાદશ્રીએ જવાબ આપ્યો,
‘‘અમો ફક્ત બે વર્ષથી જ આ ક્ષેત્રમાં આવ્યા છીએ.
હજી અમારે મારવાડ-મેવાડમાં વિચરવાની ભાવના છે.
અહીં શાસનના ઘણા કાર્યો અમારે કરવાના છે.
એટલે હાલમાં ગુજરાત તરફ વિચરવાની ગણત્રી નથી.
જો તમારે અમારી નિશ્રામાં જ સંઘ કાઢવો હોય,
તો જેસલમેરનો સંઘ કાઢો
તો અમારે પણ તે તીર્થોની યાત્રા થાય.’’
આ વાતનો સહર્ષ સ્વીકાર થયો.
પાલીતાણાની બદલે જેસલમેરનો સંઘ નીકળ્યો.
જે વાત કરવી છે એ હવે આવે છે.
જેઓ ગુરુદેવના વચનનો સહર્ષ સ્વીકાર કરવાના બદલે
પોતાના વચનનો ગુરુદેવ પાસે સહર્ષ કે અહર્ષ સ્વીકાર કરાવડાવે છે.
હદ બહારનો આગ્રહ કરે છે.
યા નિશ્રા છોડવી ને યા ક્ષેત્ર છોડવું
આટલી સીધી સાદી વાત જેમના ગળે ઉતરતી જ નથી.
**ને માટે જ ગુરુદેવ અને તેમના શિષ્યોના**
**સ્વાસ્થ્ય, સંયમ, સ્વાધ્યાય છૂટી જાય**
**અને શાસનના કામો સીદાય એનો એમને વાંધો નથી,**
**તેમને ખબર નથી હોતી કે તેઓ શું કરી રહ્યા છે ?**

મને કહેવા દો
કે તમારા પ્રોગ્રામમાં તમારા આગ્રહથી
ગુરુદેવ દીર્ઘ ઉગ્ર વિહાર કરીને પધાર્યા
એ તમારું ગૌરવ નથી, નામોશી છે.
**તમારી જીદ પૂરી થઈ ગઈ,**
**પણ એ 'મા'ના સપના અધુરા રહેશે,**
**જેમણે દીકરાને 'જ્ઞાની' બનવા દીક્ષા આપી હતી.**
તમારી જીદ પૂરી થઈ ગઈ,
પણ એ 'પિતા'ના સપના અધુરા રહેશે,
જેમની ઈચ્છા હતી
કે મારા દીકરા મહારાજ સંયમમાં બિલકુલ બાંધ છોડ ન કરે.
તમારી જીદ પૂરી થઈ ગઈ,
પણ એ 'ગુરુદેવ'ના સપના અધુરા રહેશે
જેમની ઈચ્છા હતી કે મારે મારા એક એક સાધુને
પરિણતિની પરાકાષ્ઠાએ પહોંચાડે એવું ઘડતર કરવું છે.
**તમારી જીદ પૂરી થઈ ગઈ**
**પણ એ શાસનમાતાના સપના અધુરા રહેશે.**
**જે લગીરે નથી ઈચ્છતા કે મારા સંતાનો આ રોડ માપવામાં**
**એમની અદ્ભુત શક્તિઓને વેડફી નાંખે.**
મને કહેવા દો,
કે 'અમને તો તમે જ જોઈએ.'
આ તમારો આગ્રહ સાચો છે, તો ક્ષેત્રનો આગ્રહ છોડી દો,
**ગુરુદેવને ખેંચાવું પડે એ તમે ઠંડે કલેજે જોઈ શકો**
**અને ક્ષેત્રનો આગ્રહ તમે ન જ છોડી શકો,**
**ત્યારે ભાવથી તો તમે ગુરુદેવને છોડી જ દીધા હોય છે.**
**આ સ્થિતિમાં 'તમે જ જોઈએ'**
**આ વાત તમારા દ્વારા જ રદબાતલ થતી હોય છે.**

## ☼ One Or None ☼

તારીખ હતી ૧-૪-૧૯૨૬.
ગર્જના હતી પૂ. નેમિસૂરિ મહારાજાની -
**''જ્યાં સુધી મુંડકાવેરો લેવોનો**
**અન્યાયી રિવાજ બંધ ન થાય,**
**ત્યાં સુધી શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રાએ**
**કોઈએ જવું નહીં.''**
પાલીતાણાના ઠાકોર અને અંગ્રેજ સરકાર
બંને પાસે જ્યારે હાથ હેઠા પડ્યા
ત્યારે પૂજ્યશ્રીએ આ અસહકાર આંદોલનનું
એલાન કર્યું.
પ્રત્યેક જૈને આ એલાનનો ચુસ્ત અમલ કર્યો.
કર ઉઘરાવનારા પોલીસો ભોંઠા પડ્યા.
ઠાકોર પણ શું કરવું એની મૂંઝવણમાં પડ્યા.
બે વર્ષ સુધી સતત આ અમલ ચાલુ રહ્યો.
એક પણ જૈન યાત્રિકે બે વર્ષમાં
પાલીતાણામાં પગ પણ મુક્યો ન હતો.
ઠાકોર અને સરકારની ચિંતાનો પાર ન હતો.
ખુદ ભારતના વાઈસરોય લોર્ડ ઈરવીને
આ માટે ગોળમેજી પરિષદ્ સીમલામાં બોલાવી.
અન્યાયી વેરો રદ થયો,
જૈનોનો વિજય થયો.
કારણ ?
શાસનસમર્પિતતા, એકતા અને એક-નાયકતા.
**જ્યાં એવો તર્કવાદ આવે કે**
**થોડા રૂપિયાના વેરા ખાતર અમૂલ્ય જાત્રા છોડવાની ?**

**ત્યાં શાસનસમર્પિતતા નથી,**
જ્યાં એવો ઈચ્છાવાદ આવે કે,
મારી તો અત્યારે જ જાત્રા કરવાની ભાવના છે,
ત્યાં શાસનસમર્પિતતા નથી.
**જ્યાં એવો સ્વાર્થવાદ આવે**
**કે તીર્થનું જે થવું હોય એ થાય**
**ઠાકોરને જે કરવું હોય કરે**
**ને આચાર્યોને જે કહેવું હોય એ કહે**
**હું તો મારી જાત્રા નથી છોડવાનો**
**ત્યાં શાસનસમર્પિતતા નથી.**

એકતા એક-નાયકતાથી આવે છે.
એક-નાયકતા અહંકાર છોડવાથી આવે છે.
અને અહંકારત્યાગ શાસનસમર્પિતતાથી આવે છે.
વાત અત્યારે યાત્રા બંધ કરવાની નથી
જ્યારે અગ્રણી તરફથી જે હાકલ થાય
એને ઝીલી લેવાની છે,
**બધાને અગ્રણી થવું છે**
**તો ઠાકોરો ને સરકારો ફાવવાના છે.**
**ને જિનશાસન હારવાનું છે.**

યાદ આવે કલ્પવૃત્તિ -
**सर्वेऽपि यत्र नेतारः सर्वे पण्डितमानिनः ।**
**सर्वे महत्त्वमिच्छन्ति, तद् वृन्दमवसीदति ।।**
જ્યાં બધાં જ અગ્રણી હોય,
બધાં જ પોતાને જ્ઞાની માનતા હોય,
ને બધાને મહત્ત્વ જોઈતું હોય,
તે વૃંદ સીદાય છે.

મને કહેવા દો
કે એ તીર્થયાત્રા નથી હોતી,
એ તીર્થ-આશાતના હોય છે.
એ નાયકતા નથી હોતી,
એ નામોશી હોય છે.
એ શાસનપ્રભાવના નથી હોતી.
એ શાસનઅપભ્રાજના હોય છે.
આગળ ધસી આવનારા શાસનને પાછું ઠેલશે.
એકને આગળ કરીને નમ્રતાથી પાછળ ચાલનારા
પોતાનું અને શાસનનું બંનેનું ગૌરવ વધારશે.

**શાસનની શોભામાં જેમને પોતાની શોભા નથી લાગતી.**
**એ શાસનના નામે કશું કરવાના અધિકારી નથી**
**કારણ કે હકીકતમાં તેઓ શાસનમાં જ નથી.**

✳

# ❊ *System* ❊

દરિયાકિનારે
ઓટ પછી ઘણી માછલીઓ
રેતીમાં જ્યાં-ત્યાં તરફથી રહી હતી.
એક દયાળુ મરણિયો બનીને
એમને પાછી પાણીમાં ફેંકી રહ્યો હતો.
ત્યાં કોઈ બુદ્ધિશાળી આવ્યો.
''એ ! શું કરે છે ?''
''માછલીઓને પાણીમાં ફેંકું છું.''
''આ રીતે નહીં ફેંકવાની.''
''તો ?''
**''આમ પૂંછડીથી પકડી બરાબર આ રીતે થ્રો કરવાનો એટલે એ એકદમ સિસ્ટમેટિક રીતે પાણીમાં એન્ટર થઈ જાય.''**
''પણ... પણ... એમ તો હું ન પહોંચી વળુ.
એમાં સમય લાગે... આ બધી માછલીઓ...''
**''સિસ્ટમ એટલે સિસ્ટમ... એમાં નો કોમ્પ્રોમાઈઝ...''**
''અને મને આ રીતે થ્રો કરતા આવડતું પણ નથી.''
**''જો ફેંકવી હોય તો આ રીતે ફેંકો, નહીં તો નહીં ફેંકો.''**
સિસ્ટમ માછલીઓનો જીવ બચાવવા માટે હોય ?
કે પછી એને તરફડાવીને મારી નાંખવા માટે હોય ?
મને કહેવા દો,
કે દેખીતી રીતે એ સિસ્ટમ ગમે તેટલી સોહામણી હોય.
દુનિયાભરની મત્સ્ય-સંસ્થાઓએ
એના પર સિક્કો લગાવ્યો હોય.
ને એ સિસ્ટમના શ્રેષ્ઠ નિષ્ણાત
ખુદ આવીને છાતી ઠોકીને એને સમજાવી રહ્યા હોય,

જો માછલી જ મરી જાય છે.
તો હકીકતમાં એ સેવિંગ સિસ્ટમ નથી
બલ્કે કિલિંગ સિસ્ટમ છે.
એને સમજાવનારા કશું જ સમજ્યા નથી.
**માછલીઓ ઓટને કારણે મરી રહી છે**
**એ અધુરું સત્ય છે.**
**માછલીઓ જડતાથી પકડેલી સિસ્ટમના કારણે મરી રહી છે.**
**એ પૂરું સત્ય છે.**
**ઓટને તો પહોંચી વળાય છે**
**પણ આ સિસ્ટમને પહોંચી વળાતું નથી.**

મને કહેવા દો
કે જેનાથી સંઘ તૂટે, જેનાથી જિનશાસન તૂટે
જેનાથી સમભાવની જ હત્યા થઈ જાય.
ને જેનાથી રાગ-દ્વેષના દાવાનળો ફાટી નીકળે,
એ પોતાની દૃષ્ટિએ સિદ્ધાન્ત પણ હોય,
તો ય
**તાત્ત્વિક દૃષ્ટિએ તો અપસિદ્ધાન્ત જ છે.**
**આટલી સીધી સાદી વાત આપણને નહીં સમજાય**
**ત્યાં સુધી**
**માછલી મરતી રહેશે**
**સિસ્ટમ જીવતી રહેશે.**

✳

# ❊ Either I Or Jinshasan ❊

સ્થળ હતું પ્રાયઃ કલિકુંડ તીર્થ.
પધરામણી હતી પૂ. ભદ્રંકરસૂરિ મહારાજાની.
શ્રાવકોમાં ઉમંગ ઉછળી રહ્યો હતો.
સામૈયાની તૈયારીઓ ચાલી રહી હતી.
સમય વગેરે નક્કી કરવા
શ્રાવકો પૂજ્યશ્રી પાસે આવ્યા.
સામૈયાની વાત કરી
ને પૂજ્યશ્રીની આંખો ભરાઈ આવી.
શ્રાવકો સ્તબ્ધ.
બધાના ચહેરા પર પ્રશ્નાર્થચિહ્ન.
ને ગળગળા સાદે પૂજ્યશ્રી બોલ્યા,
**‘‘અમે તમારા સામૈયાને સ્વીકારવા માટે**
**લાયક નથી.**
**અમારા માટે બેન્ડ વાજા નહીં,**
**પણ કાળા વાવટા લાવો.’’**
પૂજ્યશ્રીના હૃદયની વેદના
આજે સંવેદના બનીને વહી પડી હતી.
આટલું મહાન જિનશાસન મળ્યું
પણ આપણે એના રહસ્યો
દુનિયાને આપી શકતા નથી.
વિશ્વમાં એની ધજા લહેરાવી શકતા નથી.
ને ફોગટ તુચ્છ વાદ-વિવાદમાં પડીને
જાણે-અજાણે પણ
પ્રવચનહીલનાનું નિમિત્ત બનીએ છીએ.
આ પૂજ્યશ્રીની વેદના હતી.

મને કહેવા દો
કે એ તો મહાપુરુષ હતા.
એમના કણ કણમાં એમણે જિનશાસનને
વસાવ્યું અને પચાવ્યું હતું.
પોતાના જીવનમાં જિનાજ્ઞાને જીવનમંત્ર બનાવવા સાથે
શાસનના હિત માટે એમણે અથાગ પરિશ્રમ કર્યો હતો.
છતાં એ જો પોતાના માટે આવું માનતા હોય,
તો આપણે આપણા માટે શું માનવું જોઈએ ?
**આપણી સૌથી મોટી તકલીફ આ છે**
**કે આપણે ખરેખર કાળા વાવટાને લાયક છીએ**
**ને આપણને બેન્ડ વાજા જોઈએ છે.**
જીદ કરીને આપણે જ બેન્ડવાજાની વ્યવસ્થા
કરી દઈએ છીએ
ને એની સમાંતર જ
નજર સામે
જિનશાસન પ્રત્યે
કાળા વાવટાના સરઘસો
નીકળતા હોય
એનો આપણને કોઈ જ વાંધો આવતો નથી.
શાસનની બધી જ વ્યથા-કથા
આટલામાં સમાઈ ગઈ છે.
**જે દિવસે આપણને આપણી લાયકાત**
**કાળા વાવટાની લાગશે.**
**એ દિવસથી વિશ્વભરમાં**
**બેન્ડવાજા સાથે જિનશાસનનું**
**સ્વાગત થવા લાગશે.**

✵

# ❊ કચરો કે હીરો ? ❊

મુંબઈનો એક છોકરો
સૌમિલ.
અમેરિકા ભણવા ગયો.
ત્યાં એણે એક કોર્સ એવો લીધો.
કે જેમાં જુદા જુદા ધર્મોનો
અભ્યાસ કરવાનો હતો.
એમાં જ્યારે જૈન ધર્મનો અભ્યાસ શરૂ થયો
ત્યારે તેના અમેરિકન પ્રોફેસરે કહ્યું,
**''સૌમિલ !**
**તું તો જૈન છે ને ?**
**તેં તો દ્વાદશાર નયચક્ર નામનો ગ્રંથ**
**વાંચ્યો જ હશે ને ?''**
સૌમિલ શરમાઈ ગયો.
''સોરી સર,
મેં તો આ ગ્રંથનું નામ પણ નથી સાંભળ્યું.''
પ્રોફેસરે કહ્યું,
''આ ગ્રંથનો અભ્યાસ કરવા માટે
બે વરસ હું ખાસ ભારતમાં રહ્યો હતો
ને તે એનું નામ પણ નથી સાંભળ્યું ?''
સૌમિલ પાસે કોઈ જ જવાબ ન હતો.
I ask you.
આપણી પાસે જવાબ છે ?
**મને કહેવા દો**
**કે આપણા દ્વાદશાર ને સમ્મતિ જેવા ગ્રંથોની**
**બારાખડી ય આપણને ન આવડતી હોય**

**તો સ્કુલ-કોલેજમાં જઈને**
**આપણે ફક્ત હજામત કરી છે.**
**દુનિયાભરની સ્કુલ્સના સિલેબસ એક બાજુ છે.**
**ને એક બાજુ ફક્ત**
**આપણો શ્રાદ્ધવિધિ ગ્રંથ છે.**
**દુનિયાભરની કોલેજો એક બાજુ છે.**
ને એક બાજુ ફક્ત
આપણો ઉપમિતિ ગ્રંથ છે.
દુનિયાભરની યુનિવર્સિટીઝ એક બાજુ છે
ને એક બાજુ ફક્ત
આપણા જ્ઞાનસાર ને અધ્યાત્મસાર જેવા ગ્રંથો છે.
સવારના વિહારમાં
હું જ્યારે સ્કુલ યુનિફોર્મમાં દફ્તર ઊંચકીને
સ્કુલે જતા છોકરાઓને જોઉં છું,
ત્યારે અંતર એક ઊંડી વેદના અનુભવે છે.
કેવો છે આ પ્રવાહ !
જેમાં માણસ
હીરાને ઠોકર મારીને
હીરાના ભાવે કચરો ખરીદવા દોડે છે.
I say please,
કચરો ખરીદવો જ હોય તો તમે જાણો
At least
હીરાને ઠોકર તો ન મારો,
હીરાને ગુમાવો તો નહીં,
**હીરાથી જ તમારું આ - ભવ-પરભવનું**
**દળદર ફીટી જવાનું છે.**

✵

# ※ પાગલ ન હો, તો પાગલ થઈ જાઓ ※

૫૦૦ વર્ષ થી ય પહેલાની વાત.
કચ્છનું એક ગામ-વ્રજવાણી.
આ ગામમાં એક ઢોલી હતો.
**એ ઢોલી જ્યારે ઢોલ વગાડતો**
**ત્યારે ગામની સ્ત્રીઓ ગાંડી-ઘેલી બની જતી.**
બધી સ્ત્રીઓ ઘરની બહાર આવી જાય.
બધી એની પાછળ ને પાછળ.
ઢોલના તાલે નૃત્ય પણ સહજ બની જાય.
ને એ સ્ત્રીઓ એમના પતિ/પિતા કોઈનું સાંભળે નહી.
એમના વારવા છતાં બેકાબુ બનીને દોડી જાય.
ને છેવટે અંજામ એ જ આવ્યો જે આવી શકે.
ઢોલીને મારી નાંખવામાં આવ્યો.
એના પરિવારે ખૂબ જ શોક સાથે
એની સ્મશાનયાત્રા કાઢી.
એનું મડદું ચિતા પર ગોઠવાયું.
અગ્નિદાહ દેવાયો.
ધીમે ધીમે આખી ચિતા સળગી ઉઠી.
**ને આ શું ?**
**એ ચિતામાં એક પછી એક સ્ત્રીઓ કૂદી પડી.**
જોનારા અવાચક થઈ ગયા.
રોકાવાના પ્રયાસો થયા પણ કેટલાને રોકી શકાય ?
સંખ્યાબંધ સ્ત્રીઓ એ ઢોલી પાછળ જીવતી બળી મરી.
વાત આપણી કરવી છે.
અનાદિની આ યાત્રામાં
આપણને ય જાત જાતના ઢોલી મળ્યા.

એના ઢોલના તાલે આપણે પાગલ બન્યા.
ક્યારેક પતિ ઢોલી બન્યો,
ક્યારેક પત્ની ઢોલી બની.
ક્યારેક દીકરો ઢોલી બન્યો.
ક્યારેક ધંધો ઢોલી બન્યો.
ક્યારેક ભાવતા ભોજન ઢોલી બન્યા.
ક્યારેક વિકારી દશ્યો ઢોલી બન્યા.
ને ક્યારેક સુંવાળા સ્પર્શો ઢોલી બન્યા.
એમની પાછળ પાગલ થઈને આપણે નાચ્યા.
આખી જિંદગી નાચ્યા.
**આપણને દેવ-ગુરુએ વાર્યા**
**આ ગાંડપણ બિલકુલ કરવા જેવું નથી.**
**આમાં તારા આત્માનું કોઈ જ હિત નથી.**
પણ આપણે ન માન્યા.
આપણને આપણા ઢોલી પાસેથી
એ જ ફળ મળ્યું
જે પેલા ઢોલી પાસેથી પેલી સ્ત્રીઓને મળ્યું.
**મને કહેવા દો**
**કે સંસાર પાછળ તો**
**આપણે અનંતી વાર પાગલ થયા**
**ને આખી જિંદગી જીવતા સળગ્યા.**
**આ એક ભવ શાસન પાછળ પાગલ થઈ જઈએ.**
**આપણું કામ થઈ જશે.**
આપણી સમજણનું ખરું ફળ
જિનશાસન પાછળ પાગલ થવા સિવાય
બીજું કોઈ જ નથી.

✺

# ✻ *Who Jain ???* ✻

વિહારયાત્રા હતી પૂજ્ય કલાપૂર્ણસૂરિ મહારાજાની.
ગામ આવ્યું ખેરવા.
જૈનોના ઘરની સંખ્યા શૂન્ય.
દેરાસર-ઉપાશ્રય બધું જ પટેલો સંભાળે.
પટેલોએ પૂજ્યશ્રીનું જોરદાર સામૈયું કર્યું.
એક પટેલે પૂજ્યશ્રીને કહ્યું -
“મારા બધા જ સંતાનો પરદેશ ગયા છે.
બધાનો ખૂબ આગ્રહ છે
કે હું પણ ત્યાં આવી જાઉં.
પણ મેં એ લોકોને કહી દીધું છે.
હું તો અહીં જ રહેવા માંગુ છું.”
પૂજ્યશ્રીએ પૂછ્યું, “કેમ ?”
ભીના સ્વરે એ પટેલ બોલ્યા -
“મહારાજ સાહેબ !
અહીં જે મહાત્માઓનો લાભ મળે છે,
એ પરદેશમાં મને ક્યાં મળવાનો ?
હું તો એમ જ માનું છું -
જે કાંઈ પણ અમારું ભલું થયું છે.
તે આપ જેવા મહાત્માઓના આશીર્વાદથી જ.
હું આ લાભ છોડવા માંગતો નથી.”
જવાબ સાંભળીને પૂજ્યશ્રીની પ્રસન્નતાના ગુણાકારો થઈ ગયા.
**મને કહેવા દો**
**કે જન્મે અજૈન એવા પણ એ પટેલભાઈ**
**મહાત્માઓના આશીર્વાદ પ્રત્યે**
**આવી કૃતજ્ઞતા દાખવી શકે**

**એ ફોરેન અને ફેમિલીને**
**મહાત્માના સુપાત્રદાન ખાતર ફગાવી શકે,**
તો આપણી ભૂમિકા શું હોવી જોઈએ ?
ગામડેથી આપણે શહેરમાં આવ્યા
શહેરોમાં ય પોળોથી સોસાયટીમાં આવ્યા
ને હવે આપણી નજર જો ફોરેન પર હોય,
હવે આપણી નજર જો
શહેરની બહાર દૂર દૂરના વિસ્તારો પર હોય
અને અહીંના દૈનિક સુપાત્રદાનના લાભને છોડીને
જ્યાં આજીવન સુપાત્રદાનની
કલ્પના જ ન કરી શકાય એવી જગ્યાએ
કે પછી બાર મહિનામાં બાર વાર પણ
જ્યાં સુપાત્રદાનનો લાભ મળશે કે નહીં,
એ પૂરું શંકાસ્પદ હોય,
એવી જગ્યાએ ય જો આપણે હોંશે હોંશે જઈ શકતા હોઈએ,
તો એનો અર્થ એ જ છે
કે સુપાત્રદાન એ આપણને લાભ-સ્વરૂપ લાગ્યું જ નથી.
**મળેલા જિનશાસનને ગુમાવવાનો**
**અને આવનારા અનેક ભવો સુધી**
**જિનશાસનની પ્રાપ્તિથી વંચિત થઈ જવાનો**
**આનાથી વધુ અસરકારક ઉપાય બીજો કયો હોઈ શકે ?**
ભાગેડૂ થતા પહેલા
એ પટેલ ભાઈની અસ્મિતાને નજર સામે લાવજો,
સેન્સ હશે તો તમને તમારા વીઝા-પાસપોર્ટ ફાડી નાંખવાનું મન થશે.
**સુપાત્રદાનથી દૂર જવું ને સુખ-શાંતિ-સમૃદ્ધિથી દૂર જવું,**
**એ બંને એક જ વાત છે.**

✻

# ☼ Are You Hungry ☼

તારીખ હતી ૧૬-૫-૧૯૯૪.
સ્થળ હતું ચેન્નાઈ, શાંતિગુરુકુળ.
પ્રસંગ હતો પ્રતિષ્ઠા અને દીક્ષાનો.
નિશ્રા હતી પૂજ્ય કલાપૂર્ણસૂરિ મહારાજાની.
ગતિવિધિઓમાં એક વિધિ આ આવી -
ગુરુભક્તોએ જાહેર કર્યું.
**''હવે આપણે આપણા ગુરુદેવને**
**'ફલોદીરત્ન' બિરુદ આપવા જઈ રહ્યા છીએ.''**
**આખી સભામાં હર્ષનું મોજું ફરી વળ્યું.**
**લોકોએ તાળીઓના ગડગડાટ સાથે**
**આ જાહેરાતને વધાવી લીધી.**
મંડપની બહાર આઘા-પાછા થયેલા લોકો
દોડીને પાછા મંડપમાં આવી ગયા.
અગ્રણી ભાઈ
હમણા સોનેરી ફ્રેમમાં મઢેલું બિરુદપત્ર
પૂજ્યશ્રીના કમકમળમાં સમર્પિત કરશે
અને આ બિરુદ આવનારા દાયકાઓ ને સદીઓ સુધી
પૂજ્યશ્રીના નામ સાથે જોડાયેલું રહેશે
એવી અનેરી ઉર્મિઓ આખા ય મંડપમાં છવાઈ ગઈ હતી,
પણ આ શું ?
પૂજ્યશ્રી તો આ જાહેરાત સાંભળતા જ
એકદમ ગંભીર બની ગયા
એમના ચહેરા પર સ્પષ્ટ અણગમો વર્તાઈ રહ્યો હતો.
અગ્રણીઓ આવું કાંઈ પણ કરે
એની પહેલા પૂજ્યશ્રીએ પુણ્યપ્રકોપ ઠાલવ્યો,

**“ભગવાને આપેલ બિરુદ સાર્થક કરીએ**
**તો ય ઘણું છે.**
**નવા કોઈ બિરુદની જરૂર નથી.**
**મહેરબાની કરીને**
**બિરુદ વગેરેની કોઈ વાત કરશો નહીં.”**
જો અધ્યાત્મયોગીની આ ભૂમિકા હોય,
તો આપણી ભૂમિકા કઈ હોવી જોઈએ ?
જ્યાં બિરુદ, પદ, સત્તા અને નામનાની ભૂખ હોય છે,
ત્યાં પાત્રતા કદી હોતી નથી
અને જ્યાં પાત્રતા હોય છે,
ત્યાં કદી આ ભૂખ હોતી નથી.
**મને કહેવા દો**
**કે આ ભૂખથી જ સંઘો તૂટે છે,**
**આ ભૂખથી જ સંસ્થાઓ તૂટે છે,**
**ને જિનશાસનની ધજા લહેરાવતા**
**શ્રેષ્ઠતમ આયોજનોને શ્રેષ્ઠ રીતે ભાંગી નાંખનાર તત્ત્વ પણ**
**આ આ ભૂખ સિવાય બીજું કશું જ નથી.**
જેને આપણે તોડી રહ્યા છીએ,
એના નાયક થવાનો આપણને અભરખો છે.
એ જ કેવી હાસ્યાસ્પદ વાત છે !
અરે !
ભૂખ દ્વારા જ આપણે દુનિયાને સાબિતી આપીએ છીએ –
કે ‘સાચવજો, આ પામવા માટે હું તદ્દન નાલાયક છું.’
**બસ, હવે બહુ થયું.**
**ભૂખ લાગે ત્યારે પૂજ્યશ્રીની આ ઘટના યાદ કરીએ.**
**ધરાઈ જઈશું.**

*

# ☼ Can you Understand ? ☼

સમય હતો
પ્રભુ વીરના નિર્વાણ પછી બરાબર ત્રણસો વર્ષ
રાજદ્રોહ કરીને મગધપતિ બનેલ રાજા પુષ્યમિત્ર ધર્માન્ધ બન્યો
જૈન અને બૌદ્ધ શ્રમણોના માથા કાપી નાખવા સુધીની
બધી જ યાતના ગુજારવા લાગ્યો.
ત્યારે પ્રભુ વીરના વીર પુત્રોએ
એ ઉપસર્ગોને પરમ સમભાવ સાથે સહ્યા.
જે મહાત્માઓ બચી ગયા
તેઓ વિહાર કરીને કલિંગ દેશમાં ગયા.
ત્યાં રાજા હતા ભિક્ષુ-રાજ.
તેમનું બીજું નામ હતું મહામેઘવાહન.
અને ત્રીજું નામ હતું સમ્રાટ ખારવેલ.
**જેમની રગ રગમાં જિનશાસન વહેતું હતું.**
**એવા આ રાજાએ**
**જ્યાં આ અત્યાચારોની વાત સાંભળી**
**ત્યાં એમની આંખમાંથી દડ દડ અશ્રુ વહેવા લાગ્યા.**
**દેવેન્દ્રોને પણ વંદનીય**
**એવા મારા શાસનના શ્રમણ ભગવંતો પર**
**આવો જુલમ ?**
**ત્રૈલોક્યશેખર પરમ પાવન શ્રીજિનશાસનની**
**આટલી હદની અવગણના ?**
ના,
આ તો બિલકુલ ન ચાલે,
હરગીઝ ન ચાલે.
કોઈ હિસાબે ન ચાલે.

રાજપાટ, રાણીઓ, એશ-આરામો ને ભોગસુખો બધું જ હતું,
પણ બધાને માળિયે ચડાવીને
એ રાજાએ યુદ્ધ ભેરી વગાડી,
મગધ પર આક્રમણ કરવાની
તડામાર તૈયારીઓ ચાલી,
**જરિયન જામા છોડીને એ રાજા**
**યુદ્ધનું બખ્તર પહેરી રહ્યા હતા.**
**એ સમયે કેટલાંક સમજદારો (!)**
**એમને સલાહ દેવા આવ્યા.**
'મગધ સામે આપણું ગજું નહીં'
'એ પુષ્યમિત્ર ખૂંખાર છે.'
'આ સુખો છોડીને શા માટે રણમેદાનમાં રગદોળાઓ છો ?'
'આપણે આપણું રાજ્ય સંભાળીએ એ જ ઘણું છે.'
'આ તો છે ને, ફલાણા ફલાણા રાજાઓનું કામ છે. આપણું નહીં.'
'થવાનું હતું એ થઈ ગયું,
હવે બૂમરાણ મચાવવાનો શું ફાયદો ?'
'આપણે અહીં જે ભગવંતો આવેલા છે
એમની સરસ વ્યવસ્થા કરી દઈએ, વાત પૂરી.'
**સમ્રાટ ખારવેલને કશું ન સમજાયું,**
**કારણ કે એ આપણા જેવા સમજદાર ન હતા.**
**એ પૂરી તાકાતથી તૂટી પડ્યા.**
**પુષ્યમિત્રને ઊભી પૂંછડીએ ભાગવું પડ્યું.**
એ જીવ લઈને પંચાલદેશમાં નાસી ગયો.
મગધના તીર્થો, જિનાલયો, ધર્મસ્થાનો, સંઘો
બધું જ સુરક્ષિત બની ગયું.
ને જિનશાસન સામે આંખ ઊંચી કરીને
જોવાય સુદ્ધા નહીં,

એવો દુનિયાભરમાં દાખલો બેસી ગયો.
**મને કહેવા દો,**
**કે જ્યારે મહાત્માઓ કમોતે કાળ કરતા હોય,**
**તીર્થો જોખમમાં હોય,**
**સંઘની દશા રડવું આવે એવી હોય**
**અને**
**સંઘનુ ભાવિ નજર સામે**
**ફેશન-વ્યસનમાં પાયમાલ થતું હોય,**
**ત્યારે આપણી ફરજ શું છે ?**
**ઘર સંભાળવાની ?**
**કે કૂદી પડવાની ?**
આજે જિનશાસનને
જૈનં જયતિ શાસનમ્ - ના બોદા નારા નથી જોઈતા,
ઢમ ઢમ ને મમ્ મમ્ માં થઈ જતું
સર્વમંગલ નથી જોઈતું.
આજે જિનશાસનને જોઈએ છે
સમ્રાટ ખારવેલ
જે ઝાલ્યો ન ઝલાય,
જેને ઘર સંભાળવાની
કોઈ જ વાત ન સમજાય,
જે કૂદી જ પડે
અને જિનશાસનનો જ્વલંત વિજય
કરીને જ રહે
**હું કહું છું તોડી ફોડી નાંખો બધી 'સમજણ' (!) ને**
**એણે જ આપણને**
**આવા નમાલા બનાવ્યા છે.**

✵

દેશ હતો કલિંગ.
કાળ હતો વીરસંવત્ ૩૦૦.
સ્થળ હતું કુમરગિરિ તીર્થ.
પરમ શ્રાવક રાજા ખારવેલે અહીં પાંચસો મહાત્માઓ
અને ત્રણસો સાધ્વીજીઓને આમંત્રણ આપીને બોલાવ્યા હતા.
શ્રાવક-શ્રાવિકાઓની વિશાળ પર્ષદા હતી.
ચતુર્વિધ શ્રીસંઘ બેઠો છે
ને રાજા ખારવેલ ઊભા થાય છે.
**હાથ જોડેલા છે**
**પાંપણો ભીની છે**
**રોમ રોમ ટટ્ટાર છે ને ગળગળા સાદે એ રાજા**
**સર્વસંયમી ભગવંતોને વંદના કરે છે.**
ને કહે છે -
મગધ હવે નિરુપસર્ગ છે.
અત્યાચારીને ભાગી જવું પડ્યું છે.
દુકાળ હવે પૂરો થયો છે.
રાજાઓ હવે અનુકૂળ છે.
મારી હવે આપ સહુને એટલી જ વિનંતિ છે
**કે હવે આપ સહુ આપની બધી જ શક્તિ લગાવી દો**
**અને ભગવાનના શાસનનો ઉપદેશ**
**જન જન સુધી પહોંચે અને વિશ્વના ગગનમાં**
**ભગવાનના શાસનનો ઝંડો લહેરાય એવું આપ કરો.''**
આખી સભા સજળ નેત્રે
આ પરમ શ્રાવકની સંવેદનાને જોઈ રહી છે.
રાજા ખારવેલની આ પ્રાર્થના વ્યર્થ નથી જતી.

**મગધ-મથુરા-વંગ વગેરે સંખ્યાબંધ દેશોમાં**
**એ સંયમી ભગવંતો વિચરણ કરે છે**
**અને જિનવાણીનું અમૃત વરસાવીને**
**શાસનની પ્રભાવના કરે છે.**
આ જ રાજાએ કુમરગિરિ-કુમારીગિરિ પર્વતોમાં
કેટલીય ગુફાઓ કોતરાવી
અને તેમાં સંયમી ભગવંતોના ઉતારાની વ્યવસ્થા કરી.
સાવ જ નષ્ટપ્રાય થઈ ગયેલ દૃષ્ટિવાદની
સંકલનાની વિનંતિ કરી તેનું લેખન કરાવ્યું.
આ જ ગુફામાં એક અદ્ભુત આગમ રચાયું -
પરમ પાવન **શ્રી પ્રજ્ઞાપનાસૂત્ર.**
આ જ ગુફામાં એક એવું સૂત્ર રચાયું
જે આજે ચારે ફિરકામાં સમ્મત છે.
**શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્ર** -
આ જ ગુફામાં વિદ્યાપ્રવાદ-પૂર્વમાંથી ઉદ્ધૃત
**અંગવિજ્જા** વગેરે અજોડ ગ્રંથો પણ રચાયા.
બધાના મૂળમાં શું ?
એક શ્રાવક... એક શ્રાવકની સંવેદના.
ભલે આપણે રાજા ન હોઈએ.
ભલે આપણે નાનામાં નાના માણસ હોઈએ.
આપણું પણ કંઈક તો રાજ્ય હોય છે,
**આપણે શાસનના કશા ય કામમાં**
**ન આવી શકતા હોઈએ,**
**તો એનો અર્થ એ નથી કે આપણે રાજા નથી,**
**એનો અર્થ એ જ છે**
**કે આપણે શ્રાવક નથી.**

✻

# ❊ ડિલેશન Or શાસન ❊

પ્રભુના નિર્વાણના ૫૯૫ વર્ષ પછીની આ ઘટના.
નગર હતું દશપુર.
બિરાજમાન હતા યુગપ્રધાન આચાર્ય
શ્રી આર્યરક્ષિતસૂરિજી
જિનશાસનની જબરદસ્ત પ્રભાવના કરીને
સૂરિજી હવે જીવનસન્ધ્યામાં પ્રવેશ્યા છે.
સુવિશાળ શિષ્ય પરિવાર છે.
અઢળક સંઘોની સમર્પિતતા છે.
હજારો શ્રાવક-શ્રાવિકાઓની આસ્થા છે.
ને હવે આ સર્વ સામ્રાજ્યના રાજા
ઉત્તરાધિકારી સ્થાપવાના છે.
સૂરિજી બધા શિષ્યોને બોલાવે છે.
પૂછે છે,
**''બોલો**
**તમારે નાયક તરીકે કોણ જોઈએ ?''**
સૂરિજીના સમસ્ત સંસારી પરિવારે
દીક્ષા લીધી હતી.
સૂરિજીના સ્વજન મહાત્માઓએ બે નામો આપ્યા.
'યા ફલ્ગુરક્ષિતમુનિ
યા ગોષ્ઠામાહિલમુનિ.'
સૂરિજીના સ્વજન મહાત્માઓમાં
આ બે મહાત્મા ખૂબ વિદ્વાન હતા.
સૂરિજીએ સ્મિત કરીને કહ્યું.
**ગોષ્ઠામાહિલમુનિ માટે**
**હું ઘીનો ઘડો થયો છું.**

**એમને મેં જ્ઞાન આપ્યું છે ખરું,**
**પણ ઘણું તો મારામાં જ રહી ગયું છે.**
ફલ્ગુરક્ષિતમુનિ માટે
હું તેલનો ઘડો થયો છું.
એમણે મારી પાસેથી ઘણું જ્ઞાન લીધું.
તો ય થોડું તો મારામાં જ રહી ગયું છે.
**પણ દુર્બલિકાપુષ્યમિત્રમુનિ માટે**
**હું વાલનો ઘડો થયો છું.**
**મારું સંપૂર્ણ જ્ઞાન એમણે લીધું છે**
**માટે મારા ઉત્તરાધિકારી તરીકે**
**હું એમને જાહેર કરું છું.''**
બધાં જ સજળ નયને સાંભળી રહ્યા
સૌએ સૂરિજીની વાતનો હાર્દિક સ્વીકાર કર્યો.
જ્યાં સુધી સગાવાદ છે
ત્યાં સુધી શાસનસેવા શક્ય નથી.
જ્યાં સુધી મારું-પારકું છે
ત્યાં સુધી શાસનસેવા શક્ય નથી.
ત્યાં સુધી શિષ્યવાદ છે
ત્યાં સુધી પણ શાસનસેવા શક્ય નથી.
મને કહેવા દો
કે પૂ. પ્રભવસ્વામિજીએ
અજૈન જગત સુધી ઉત્તરાધિકારીની શોધ લંબાવી હતી,
પૂ. આર્યરક્ષિતસૂરિજીએ
પોતાના સગા ભાઈ ફલ્ગુરક્ષિતમુનિને
ઉત્તરાધિકારી તરીકે એટલા માટે જ નાપાસ કર્યા હતા,
કે એમને ૯૮% જ (!) આવ્યા હતા.
ને ૧૦૦ % વાળા મોજૂદ હતા.

**આપણે શું કરીએ છીએ ?**
**‘મારા’ પર કળશ ઢોળીએ છીએ ? કે યોગ્ય પર ?**
**શ્રીસંઘનો શ્રેષ્ઠ આરાધક અને બધી રીતે લાયક**
**એવો શ્રાવક ટ્રસ્ટી બનવો જોઈએ**
**આ આપણી ભાવના ? કે પછી**
**ભલે ‘ગયેલો’, પણ મારો દીકરો ટ્રસ્ટી બનવો જોઈએ.**
**આવી આપણી ભાવના ?**
છાતી પર હાથ મૂકીને
આપણે આપણને આ પ્રશ્ન પૂછીએ.
ને જો એનો સંતોષકારક જવાબ ન મળે
તો ઘરની દીવાલ પર
મોટા અક્ષરે લખી દઈએ
કે ‘હું ટ્રસ્ટી નીમવા તો લાયક નથી જ.
ટ્રસ્ટી તરીકે રહેવા પણ લાયક નથી.’
**સંસાર કદાચ સગાવાદથી ચાલતો હશે,**
**શાસન તો યોગ્યતાવાદથી જ ચાલે છે,**
ને જો
આપણને એની પરવા નથી,
તો એનો અર્થ એ છે
કે આપણે શાસનની પરંપરાને
તાળું લગાવી દેવા માંગીએ છીએ,
**કારણ કે યોગ્યતાવાદ વિના**
**શાસન ચાલવાનું જ નથી.**

✳

# ⁂ Do you want a Chair ? ⁂

‘‘દેરાસર-ઉપાશ્રય બધે ખાખાખોળા કર્યા,
ક્યાંય નથી.’’
‘‘કોને ગોતો છો ?’’
‘‘કોને શું ? અત્યારે જેમની આચાર્યપદવી છે એમને.’’
‘‘હેં ?’’
‘‘હા.’’
‘‘કાલે રાતે તો સાહેબને અમે મળ્યા’તા.’’
‘‘સવારે ય હતા, પણ...’’
‘‘મુહૂર્તનો સમય...
અરે, દોડો બધા, શોધો આજુ-બાજુમાં,
સાહેબ ગયા ક્યાં ?’’
**‘‘શું લાગે છે તમને ?**
**કોઈનું ષડ્યંત્ર હોઈ શકે ?’’**
‘‘હોઈ શકે નહીં, છે જ.’’
‘‘કોનું ? મને ફક્ત નામ આપો,
બીજું બધું હું ફોડી લઈશ.’’
‘‘કોઈનું નહીં, આપણું જ...
આપણે આ પરાણે આચાર્યપદવી
આપીએ છીએ ને ?...’’
‘‘એ, અમારા બાપુને જોયા કે ?’’
‘‘હોવે, એ તો કલાક પહેલા ખેતર બાજુ જાતા’તા.’’
શ્રાવકો દોડ્યા.
૩-૪ કિ.મી. દૂર એક ખેતરમાં
ઝાડ નીચે પૂજ્યશ્રી બેઠા છે.
લઈ આવ્યા એમને.

ચોક્ખા શબ્દોમાં - પકડી લાવ્યા,
આચાર્ય પદવી લીધી.
ના, આપી.
ના, પરાણે આપી.
એ મહાપુરુષ હતા પૂજ્ય ભદ્રંકરસૂરિ મહારાજા.
મને કહેવા દો.
કે પૂજ્ય ચન્દ્રશેખરવિજયજી મહારાજા
જેમને ચોથા આરાના ચારિત્રી કહેતા
એમની જો આવી નિઃસ્પૃહતા હોય
તો આપણી સ્પૃહાઓ પ્રત્યે
આપણને ફિટકાર ન છૂટી જવો જોઈએ ?
**ક્યાંક પ્રમુખ કે સેક્રેટરી થવાના અભરખા થાય**
**ત્યારે પૂજ્યશ્રીને યાદ કરજો.**
**ટ્રસ્ટી થવાની ભૂખ પીડે ત્યારે પૂજ્યશ્રીને યાદ કરજો.**
**ખુરશી ખાતર ખેલ ખેલવાની ઈચ્છા થાય**
**ત્યારે પૂજ્યશ્રીને યાદ કરજો.**
ટાંટિયાખેંચ કરીને કોઈને પછાડીને
ઉપર ચડવાની ઈચ્છા થાય
ત્યારે પૂજ્યશ્રીને યાદ કરજો.
પદ એ નિઃસ્પૃહ માટે જ પદ હોય છે.
જે ભૂખ્યા ડાંસ છે
એમના માટે પદ એ પદ નથી હોતું
હળાહળ ઝેર હોય છે.
**ખુરશી મળતી હોય એટલું જ પૂરતું નથી હોતું.**
**એમાં ઈલેકટ્રીક કરંટ ન આવતો હોય**
**એ પણ જરૂરી હોય છે.**

✳

# ☼ *What's Return Gift ?* ☼

આ...હ...
ઓ...હ...
માફ કરો ગુરુ મહારાજ,
હવે ભણવામાં આળસ નહીં કરું...

અલ્યા, વાણિયાના રોટલા મફત ખાઓ છો,
ને બરાબર નહિ ભણો ગણો
ને ચારિત્રની આરાધનામાં પ્રમાદ સેવશો
તો મરીને ભરુચના પાડા થશો.

આ...હ
ભૂલ થઈ ગઈ ગુરુ મહારાજ.
ઓ...હ...
હવે એવું નહીં કરુ.

**એ ગુરુ મહારાજ હતા**
**પૂજ્ય નેમિસૂરિજી મહારાજ,**
**અંતરમાં ફૂલથી ય કોમળ,**
**પણ શિષ્યોના હિત માટે**
**એમને ઘડાના દોરાથી**
**અને દંડાસનની દાંડીથી પણ ફટકારતા.**
પૂજ્યશ્રીની આ કાળજીએ
શાસનને નવ દિગ્ગજ વિદ્વાન
આચાર્યોની ભેટ આપી.

વાત આપણી કરવી છે,
આપણે દીક્ષા ન પણ લીધી હોય,
તો ય

આપણે જિનશાસનના રોટલા ખાઈએ છીએ,
યે જીવન ધન તુમસે પાયા
સબ કુછ તેરા નાહી પરાયા
રોટલો જિનશાસને આપ્યો.
ઓટલો જિનશાસને આપ્યો.
શરીર જિનશાસને આપ્યું.
સ્વાસ્થ્ય જિનશાસને આપ્યું.
મગજ જિનશાસને આપ્યું.
બુદ્ધિ જિનશાસને આપી.
**આપણે જેને જેને આપણું ગણીએ છીએ**
**તે બધું જ જિનશાસને આપ્યું છે.**
**લાખ રૂપિયાનો સવાલ એ છે,**
**કે આપણે જિનશાસનને શું આપ્યું ?**
**કેટલું આપ્યું ? કેટલા ટકા આપ્યું ?**
મને કહેવા દો
કે આપણને શાસનના કામ કરવા માટે
પદ કે પ્લેટફોર્મની જરૂર નથી
સમ્માન કે હારતોરાની જરૂર પણ નથી,
આ બધાથી હકીકતમાં કામો થાય છે
કે બગડે છે એ પણ એક સવાલ છે
**આપણને જરૂર છે પૂજ્ય નેમિસૂરિજી મહારાજની.**
**જે આપણને રીતસર ચાબખા મારે**
**જે આપણને ભરૂચના પાડાની યાદ અપાવે.**
**ને જે આપણી સાન ઠેકાણે લાવે.**
સાચું કહું છું,
બધું જ શાસનને ધરી દો
નહીં તો દુઃખી દુઃખી થઈ જશો.

# ※ તીર્થયાત્રા ? કે સ્વાર્થયાત્રા ※

સમજે છે શું એ લોકો ?
ઠોકી દો પોલિસ કેસ... હમણા સીધા થઈ જશે.
આપણા ભગવાન રાણકપુરમાં ખંડિત થઈ ગયા
એ માટે આપણે ઉપવાસ પર ઉતરવું જોઈએ.

આપણો ચોકી-પહેરો મજબૂત હોવો જોઈએ.

આપ શું કહો છો સાહેબ !

મને લાગે છે કે કાયદાના કે ઉપવાસના
શરણે જવાની જરૂર નથી,
એક વાત સ્પષ્ટ છે
કે આવું કરનાર જૈન તો ન જ હોય.
**જો આપણા તીર્થોની આસપાસમાં વસતા**
**જૈનેતરોને આપણે વ્હાલ કરતા થઈ જઈએ**
**તો વહેલો ને સચોટ ઉપાય મળે.**
**આપણે જૈનેતરોને સાચવશું,**
**તો જૈનેતરો જૈનોને સાચવશે**
**તથા જૈન તીર્થો, મંદિરો પ્રત્યે**
**તેઓ અધિક આદર દાખવતા થશે.**
ભક્તિની શરૂઆત માણસથી થવી જોઈએ.

સૌના હૈયે વાત વસી ગઈ.
માર્ગદર્શનદાતા હતા
કલિકુંડતીર્થોદ્ધારક પૂજ્ય રાજેન્દ્રસૂરિજી મહારાજા.

શું આપણને ખબર છે ?
કે જિનાલયના નિર્માણ કરતા
પ્રાચીન જિનાલયના જીર્ણોદ્ધારનું ફળ

આઠગણું કહ્યું છે ?
અને તેના કરતા પણ જિનાલયની રક્ષાનું ફળ
અનંતગણું કહ્યું છે ?
જાત્રામાં આપણને બધાને રસ છે.
રક્ષાની દિશામાં
આપણો વિચાર પણ શરૂ થયો છે ખરો ?
**એકાદ તીર્થમાં પણ**
**આપણે ગ્રામજનોમાં, સ્કુલમાં કે હાઈસ્કુલમાં**
**ગુરુભગવંતનું પ્રવચન કરાવ્યું ખરું ?**
એકાદ તીર્થમાં પણ
આપણે જાહેર જનતામાં જૈનત્વ પ્રત્યે અહોભાવપ્રેરક
બે રૂપિયાની ચોપડીનું પણ વિતરણ કર્યું ખરું ?
**અનુકંપાદાન**
**આપણે આપણી રીતે કરી દીધું**
**કે એટલા જ ખર્ચમાં**
**તીર્થરક્ષાનો અમૂલ્ય લાભ પણ લઈ લીધો ?**
મને કહેવા દો
કે શક્ય તીર્થરક્ષાની દિશામાં ય
કશું ય કરવાનો આપણને કોઈ જ ઉલ્લાસ ન હોય,
**આટલું જાણ્યા પછી ય**
**આપણે આપણી ઘરેડમાં જ ચાલવું હોય,**
**ને તીર્થની ધરાર ઉપેક્ષા કરવી હોય**
**તો પછી એ તીર્થયાત્રા મટીને સ્વાર્થયાત્રા બની જશે.**
આપણા આત્માનો ઉદ્ધાર થવાની
એની પાસે અપેક્ષા રાખવાનો
અર્થ જ નહીં રહે.

✻

## ☼ What's More Precious ??? ☼

ગુરુદેવ ગુરુદેવ ! અહીં શિખરજીમાં જ
શ્વેતાંબર કોઠીમાં પાર્શ્વચંદ્રગચ્છના ગુરુમંદિરના
ખોદકામમાં પ્રતિમાઓ મળી આવી છે.
દિગંબરોએ એમના પર હક જમાવવા
પુરાતત્ત્વવાળાને ઉશ્કેર્યા
એમણે કાયદાની ગૂંચો ઊભી કરી
કલેક્ટરને કબ્જો લેવા કહી દીધું...
ને હવે કલેક્ટર કાંઈ જ સાંભળવા તૈયાર નથી.
હમણા જ બધી પ્રતિમાજીઓ...
ગોચરી પડી રહી.
પૂજ્યશ્રી દોડ્યા
સાથે અઢીસો સાધુ-સાધ્વીજી દોડ્યા.
ગભરાયેલા કલેક્ટરે જરા કડકાઈ બતાવી.
**''તમે બધા કેમ આવ્યા છો ?**
**મને મારી ફરજ નિભાવવા દો.''**
પૂજ્યશ્રીએ મક્કમતાથી કહ્યું,
''તમે તમારી ફરજ નિભાવો
અમે અમારો ધર્મ નિભાવીશું.''
કલેક્ટર આનો અર્થ સમજવાની
ગડમથલ સાથે બોલ્યા
''તમે તમામ સાધુ-સાધ્વીજી મહારાજ બાજુમાં ખસી જાઓ.
અમે આ પ્રતિમાજી લઈને જવા માંગીએ છીએ.''
પૂજ્યશ્રીનો બુલંદ સ્વર ગુંજ્યો,
''કોઈએ અહીંથી એક ડગલું પણ ખસવાનું નથી,
**જો આ સરકારી સાહેબને પ્રતિમાજીઓ લઈ જવી હશે,**

**તો સૌ પ્રથમ એમની ગાડી મારા મસ્તક પરથી લઈ જવી પડશે.''**
વાત પૂરી થઈ. કલેક્ટરે
પ્રતિમાજીઓને ત્યાં જ એક રૂમમાં રાખવાની સૂચના કરી.
છેવટે કેસમાં શ્વેતાંબરોનો વિજય થયો.
યા પ્રતિમાજીઓના અંગ પર પ્રહારો પડત
ને યા સરકારી ખાતામાં ધૂળથી રગદોળાત.
બંનેથી પ્રભુજીની રક્ષા થઈ.
એ પૂજ્યશ્રી હતા કલિકુંડોદ્ધારક પૂજ્ય રાજેન્દ્રસૂરિજી મહારાજા.
ગોચરી છોડીને એ મહાપુરુષ દોડ્યા હતા.
ને માથું છુંદાઈ જાય ત્યાં સુધી એ પ્રતિમાની રક્ષા ખાતર
ઝઝુમવા તૈયાર હતા.
**મને કહેવા દો**
**કે શું આપણી ખાદ્યા-ખોરાકી કરતા**
**આપણા તીર્થો વધુ સસ્તા છે ?**
**શું આપણા માથાની કિંમત**
**આપણા ભગવાન કરતા વધારે છે ?**
જો હા,
તો એનો અર્થ એ છે
કે આપણે પૂજામાં નહીં પેટપૂજામાં જ માનીએ છીએ,
દુકાન જ આપણું તીર્થ છે
ને આપણે જ આપણા ભગવાન છીએ.
ને આજીવન કરેલા પ્રભુના દર્શનાદિ
એ ખરા અર્થમાં નાટકથી વધુ કશું જ નથી.
**I say please, આવી નમાલી વૃત્તિથી બહાર આવીએ.**
**નસ નસમાં જિનશાસનની ખુમારી ભરી દઈએ.**
**આવી ઉદાસીનતા આપણને બિલકુલ શોભતી નથી.**

✺

# ✻ વાત એક વડલાની ✻

એક હતું સરસ મજાનું વટવૃક્ષ
ઘેઘૂર વડલો.
પંખીઓએ જોયું કે ચારે કોર તાપ તાપ ને તાપ જ છે.
જ્યાં ત્યાં ભટકતા એ પંખીડા છેવટે એ વડલાના આશરે આવ્યા.
વડલો ખરેખર વડલો હતો,
એણે ઉદારદિલે આશરો આપ્યો.
પંખીઓએ એમનો માળો બાંધવા
સામગ્રી લાવી લાવીને વડલા પર જ્યાં ને ત્યાં ઠાલવી.
વડલો દરિયાદિલ રહ્યો.
**પંખીઓ ભૂખ્યા થયા,**
**તો તેમની નજર વડના ટેટાં પર ગઈ.**
**એમણે તો ઉજાણી શરૂ કરી દીધી**
**વડલો રાજી થયો,**
**મારા જ આશ્રિતો છે ને ?**
ને હવે
પંખીઓને કુદરતી હાજત થઈ,
એમણે કશો ય વિચાર કર્યા વિના
એ જ વડલાને ખરડવાનું ચાલુ કરી દીધું.
સોહામણો એ વડલો ઠેર ઠેર ગંદકીથી ભરાઈ ગયો.
વડલામાં સંખ્યાબંધ વિશેષતાઓ હતી..
એની ઘેઘુરતા,
એની શીતળ છાયા,
એની આશ્વાસકતા,
એની ફળસમૃદ્ધતા,
એની શરણ્યતા...

બધું જ હતું વડલામાં...
**ને છતાં વટેમાર્ગુઓ બોલતા જતા હતા.**
**‘સાવ ગંદો-ગોબરો છે આ વડલો...’**
શું લાગે છે તમને ?
વડલો ગંદો ગોબરો ?
કે પછી આશરાની ઐસી કી તૈસી કરનારા
ને નમકહરામ બનનારા એ પંખીઓ ગંદા-ગોબરા ?
મને કહેવા દો
કે જે જિનશાસને આપણને ઓટલો આપ્યો
જે જિનશાસને આપણને રોટલો આપ્યો
જે જિનશાસને આપણને શીળી છાયા આપી
ને જે જિનશાસને આપણને હા...શ.. આપી,
**એ જ જિનશાસનને આપણે**
**આપણી ઈર્ષ્યાથી,**
**આપણા અહંકારથી,**
**આપણી સત્તાભૂખથી**
**અને આપણી ટાંટિયાખેંચથી ખરડવા માંડ્યું**
**અનંત ગુણોથી ભરેલું જિનશાસન..**
**વિશ્વગુરુ થવાની તમામ લાયકાત ધરાવતું જિનશાસન..**
અદ્‌ભુત અસ્મિતાનું સ્વામી જિનશાસન...
અને સર્વ જીવોને
શાશ્વત સુખ આપવામાં સમર્થ જિનશાસન...
ચૌરે ને ચૌટે વગોવાવા લાગ્યું... છી...
અહીં તો ઝગડાની ગંદકી છે...
**પંખીઓ તો કશું જ નથી સમજી શકતા,**
**શું આપણે પણ નહીં સમજી શકીએ ?**

✻

# ☼ Only A Link ☼

એ મહાપુરુષે વિહારમાં
ઢોર બાંધવાની ગમાણમાં
ને તેલ પીલવાની ઘાણીમાં ય રાત કાઢી છે.
ઝાડ નીચે કે શૂન્ય મંદિરમાં ય
રાત-દિવસ કાઢ્યા છે,
ક્યારેક
જેલ પણ ઉતારા તરીકે મળી છે.
ગામડાના બસ સ્ટેશન પર પણ રાત કાઢી છે,
**તો આપણા જેવા સમજદારો**
**જેને સપનામાં ય ઉતારો ન જ કહે.**
**એવી અગવડસમૃદ્ધ જગ્યાએ પણ**
**તેઓશ્રી ઉતર્યા છે.**
એ મહાપુરુષ કહેતા -
'પ્રભુના સાધુઓ જો વ્યવસ્થિત રીતે વિચરે
તો ભારતમાં કોઈ પણ ધર્મમાં
કોઈ પણ સાધુની જરૂર ન પડે
એટલું સામર્થ્ય આ જિનશાસનમાં છે.'
એ મહાપુરુષ હતા પૂજ્ય વિક્રમસૂરિજી મહારાજા.
હું તમને મારા અંતરની વાત કરું છું,
જો શાસન તમારા હૈયે વસ્યું હોય,
શાસન માટે કોઈ નક્કર કાર્ય કરવાની
તમારી તમન્ના હોય.
તો વગર ખર્ચે ને વગર આયોજને ય
જિનશાસનનું ઉત્કૃષ્ટ કાર્ય
તમે કરી શકો છો

**એ છે સંયમી વૃંદ અને તથાવિધ ક્ષેત્ર વચ્ચે**
**કડી બનવાનું કાર્ય.**
યોગ્ય ક્ષેત્રમાં
યોગ્ય આત્માઓનું પદાર્પણ થાય અને વાત પૂરી.
એમની સંયમચર્યા,
એમનું નિર્દોષ ભિક્ષાટન,
એમની નિઃસ્પૃહતા,
એમનો સરળ ઉપદેશ.
અને સહજ જનકલ્યાણ.
**તમે માનો કે ન માનો,**
**હજારો સમસ્યાઓનું સમાધાન**
**સંયમી ભગવંતોના મુક્ત વિહારમાં છે.**
જો તમે એમાં નિમિત્ત બની શકો
તો એક અપેક્ષાએ
તમે આજના સમયનું
પરાકાષ્ઠાનું સુકૃત કર્યું છે.
મને કહેવા દો
કે જો આપણને
આમાં કોઈ રસ જ ન હોય,
છતી શક્તિએ પુરુષાર્થ ન હોય,
ને એનો ડંખ પણ ન હોય,
તો શાસન આપણને સ્પર્શ્યું જ નથી.
**આપણે ફક્ત આપણી માનીતી ઘરેડમાં**
**દોડે રાખ્યે છીએ,**
**ને 'જીતી ગયા'-ના મિથ્યાભિમાનનો**
**બોજો વેઢાર્યા કરીએ છીએ.**

✺